ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૧૩ના નમૂના-૯ "શાળા છોડયા પ્રમાણપત્ર" અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના -૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/CON/e-file/3/2025/3542/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૮/૦૭/૨૦૨૫

વંચાણે લીધા :-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા:03/૦૭/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: મઉમશબ/શાનિ/૬૬૬૦

આમુખ :

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક : (૧) સામેના તા.03/૦૭/૨૦૨૫ ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક-૧૩ના નમૂના-૯ "શાળા છોડયા પ્રમાણપત્ર" અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના-૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ- ૧૯૭૪ માં વિનિયમ ક્રમાંક-૧૩ના નમૂના-૯ "શાળા છોડયા પ્રમાણપત્ર' અને વિનિયમ ક્રમાંક ૧૨(૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના -૧૦ "સામાન્ય રજીસ્ટર (GR)" માં નીચે મુજની હાલની જોગવાઈની સામે સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

| હાલની જોગવાઈ | | સુધારેલ જોગવાઈ | |
|---|---|---|---|
| (૧) | વિનિયમ ક્રમાંક -૧૩ ના નમૂના ૯ માં શાળા છોડ્યા પ્રમાણપત્ર દર્શાવેલ છે ઉક્ત નમૂના -૯ ના ક્રમાંક નંબર ૧ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક પ્રથમ) અંગ્રેજી ભાષા Full Name Of The Student (Surname First) દર્શાવેલ છે. | (૧) | વિનિયમ ક્રમાંક -૧૩ ના નમૂના ૯ માં શાળા છોડ્યા પ્રમાણપત્ર દર્શાવેલ છે ઉક્ત નમૂના -૯ ના ક્રમાંક નંબર ૧ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક છેલ્લે) અંગ્રેજી ભાષા Full Name Of The Student (Surname Last) દર્શાવવાની રહેશે. |

| | | | |
|---|---|---|---|
| (૨) | વિનિયમ ક્રમાંક ૧૨ (૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના નં. ૧૦ સામાન્ય રજીસ્ટર (G.R.) નો નમૂનો દર્શાવેલ છે.<br>આ નમૂના નં. ૧૦ ના ક્રમાંક નંબર-૨ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ અટક નામ પિતાનું નામ/માતાનું નામ અંગ્રેજી ભાષામાં Surname Name Father's Name/Mother's Name દર્શાવેલ છે. | (૨) | વિનિયમ ક્રમાંક ૧૨ (૧૩) અને ૩૮(૧) (ક) (૧) ના નમૂના નં. ૧૦ સામાન્ય રજીસ્ટર (G.R.) નો નમૂનો દર્શાવેલ છે.<br>આ નમૂના નં. ૧૦ ના ક્રમાંક નંબર-૨ માં ગુજરાતી ભાષામાં વિદ્યાર્થીનું પુરૂ નામ નામ પિતાનું નામ/માતાનું નામ અટક અંગ્રેજી ભાષામાં Name Father's Name/Mother's Name Surname દર્શાવવાની રહેશે. |

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૫/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(રાજદીપસિંહ રાઠોડ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેંદ્ર , ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧ /ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ સિલેક્ટ ફાઈલ.